## નોલેજ કન્સોર્ટીયમ ઓફ ગુજરાત, અમદાવાદ ખાતે કરાર આધારિત ભરતી અંગેની સૂચનાઓ, મેરીટ યાદી તૈયાર કરવાના ધોરણો અને નિયમો

નોલેજ કન્સોર્ટીયમ ઓફ ગુજરાત, અમદાવાદની વિવિધ જગ્યાઓ મેરીટના ધોરણે ભરવા તેમજ પ્રતિક્ષાયાદી તૈયાર કરવા માટે લાયકાત ધરાવતા ઉમેદવાર તથા હાલ છેલ્લા સેમેસ્ટર/વર્ષમાં અભ્યાસ કરતા ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૦૮-૦૬-૨૦૧૫ થી છેલ્લી તા.૨૦-૦૬-૨૦૧૫ સુધી વેબસાઈટ www.cheguj.com ઉપર સાંજના છ(૬) કલાક સુધી અરજી કરી શકશે અને તા.૨૨-૦૬-૨૦૧૫ ના રોજ સાંજના છ (૬) કલાક સુધીમાં ફક્ત ઓનલાઇનથી અરજી કન્ફર્મ કરી શકશે.

**૧. શૈક્ષણિક લાયકાત, અનુભવ, નિમણુંકનો સમયગાળો અને વયમર્યાદા:**

જુદી જુદી જગ્યાઓ સામે લાયકાત, અનુભવ, નિમણુંકનો સમયગાળો, વયમર્યાદા વગેરે પત્રક-1 માં દર્શાવ્યા મુજબના રહેશે. **ગુજરાતી ભાષાનું જ્ઞાન દરેક ઉમેદવાર માટે ફરજીયાત રહેશે.**

**૨. વયમર્યાદામાં છુટછાટ:**

રાજ્ય સરકારના પ્રવર્તમાન નિયમો મુજબ મૂળ ગુજરાત રાજ્યના ઉમેદવારોને નીચે જણાવ્યા અનુસાર વયમર્યાદામાં છુટછાટ આપવામાં આવશે.

૨.૧ અનુ.જાતિ, અનુ.જન જાતિ અને સા.શૈ.પ. વર્ગ-૫ વર્ષ

૨.૨ બિનઅનામત મહિલા ઉમેદવાર-૫ વર્ષ

૨.૩ અનામત વર્ગના મહિલા ઉમેદવાર-૧૦ (આ છુટછાટમાં મહિલા માટેની છુટછાટ કે જે ૫ વર્ષની છે તેનો પણ સમાવેશ થઈ જાય છે.)

૨.૪ વિકલાંગ ઉમેદવારો- ૧૦ વર્ષ

૨.૫ ઉપરની તમામ છૂટછાટ જાહેર કરેલ ઉમેદવારોની મહતમ વય મર્યાદામાં આપવામાં આવશે.

૩. મેરીટ ગુણની ગણતરી

**(A)અભ્યાસક્રમ સમાપ્ત કરી ડીગ્રી પ્રાપ્ત કરનાર અને અનુભવ ધરાવતા ઉમેદવારો માટે મેરીટ ગુણની ગણતરી**

| | | | |
|---|---|---|---|
| ક્રમ | વિગત | વેઇટેજ | મહતમ ગુણ |
| ૧ | શિક્ષણના ૫૦% ગુણભાર | | |
| | સ્નાતક કક્ષા<br>ગણતરીની રીત: (સ્નાતક કક્ષાના ટકા × ૧૫)/૧૦૦ | ૩૦% | ૧૫ ગુણ |
| | અનુસ્નાતકકક્ષા<br>ગણતરીની રીત: (અનુસ્નાતક કક્ષાના ટકા × ૩૫)/૧૦૦ | ૭૦ % | ૩૫ ગુણ |
| ૨ | જે તે જગ્યાના સબંધિત વાસ્તવિક કામગીરીના અનુભવના ૧૫ % ગુણભાર | | |
| | અનુભવના પુરા વર્ષ * ૧.૫ ગુણ | ૧૫% | ૧૫ ગુણ |
| ૩ | કૌશલ્ય (સ્કીલ્સ)ના ૧૦% ગુણભાર | | |
| | સ્કીલ્સ<br>મહતમ ગુણ વાળા ચાર કૌશલ્યો ધ્યાને લેવાશે અને કક્ષાવાર ગુણભાર આ મુજબ રહેશે<br>(Excellent ૨.૫ ગુણ, Moderate ૧.૫ ગુણ, Basic ૧ ગુણ, None ૦ ગુણ)<br>(ઉમેદવારે દર્શાવેલ સ્કીલ અને તેની કક્ષાની ઈન્ટરવ્યુ વખતે ચકાસણી કરાશે અને દર્શાવ્યા મુજબ નહિ હોય તો તે જે કેટેગરીમાં આવે ત્યાં મૂકી વધારાના (-૧) નેગેટીવ ગુણ અપાશે.) | ૨૫% પ્રતિ સ્કીલ | ૧૦ ગુણ |
| ૪ | ઈન્ટરવ્યુના ૨૫% ગુણભાર | | |
| | ઈન્ટરવ્યુ<br>લેખિત પરીક્ષા પ્રોજેક્ટ વર્ક સાથે ૭.૫ ગુણ<br>જી.ડી (ભાષા પ્રભુત્વ) ૭.૫ ગુણ<br>મૌખિક ઈન્ટરવ્યુ ૧૦ ગુણ | ૩૦ %<br>૩૦%<br>૪૦% | ૨૫ ગુણ |
| | ટોટલ | | ૧૦૦ ગુણ |

**B) ફ્રેશર ઉમેદવારો જેઓ લાયકાતના છેલ્લા સેમેસ્ટર/વર્ષ માં અભ્યાસ કરતા હોય અને જેમનું અંતિમ પરિણામ જાહેર થયેલ નથી અને જેઓ સફળ પરિણામની અપેક્ષા રાખે છે તેવા ઉમેદવારો માટે મેરીટ ગુણની ગણતરી**

| ક્રમ | વિગત | મહતમ ગુણ |
|---|---|---|
| ૧ | શિક્ષણના ૬૫% ગુણભાર | |
| | સ્નાતક કક્ષા(છેલ્લા સેમેસ્ટર અગાઉ જાહેર થયેલ પરિણામોને આધારે ગણતરી)<br>ગણતરીની રીત: (સ્નાતકકક્ષાના ટકા × ૩૦)/૧૦૦ | ૩૦ |
| | અનુસ્નાતાક કક્ષા (છેલ્લા સેમેસ્ટર અગાઉ જાહેર થયેલ પરિણામોને આધારે ગણતરી)<br>ગણતરીની રીત: (અનુસ્નાતકકક્ષાના ટકા × ૩૫)/૧૦૦ | ૩૫ |
| ૨ | કૌશલ્ય (સ્કીલ્સ)ના ૧૦% ગુણભાર | |
| | સ્કીલ્સ<br>મહતમ ગુણ વાળા ચાર કૌશલ્યો ધ્યાને લેવાશે અને કક્ષાવાર ગુણભાર આ મુજબ રહેશે<br>(Excellent ૨.૫ ગુણ, Moderate ૧.૫ ગુણ, Basic ૧ ગુણ, None 0 ગુણ)<br>(ઉમેદવારે દર્શાવેલ સ્કીલ અને તેની કક્ષાની ઈન્ટરવ્યુ વખતે ચકાસણી કરાશે અને દર્શાવ્યા મુજબ નહિ હોય તો તે જે કેટેગરીમાં આવે ત્યાં મૂકી વધારાના (-૧) નેગેટીવ ગુણ અપાશે.) | ૧૦ |
| 3 | ઈન્ટરવ્યુના ૨૫% ગુણભાર | |
| | ઈન્ટરવ્યુ<br>લેખિત પરીક્ષા પ્રોજેક્ટ વર્ક સાથે ૭.૫ ગુણ<br>જી.ડી (ભાષા પ્રભુત્વ) ૭.૫ ગુણ<br>મૌખિક ઈન્ટરવ્યુ ૧૦ ગુણ | ૨૫ |
| | ટોટલ | ૧૦૦ ગુણ |

જાહેરાતમાં આપવામાં આવેલ તમામ જગ્યાઓ માટે જે ઉમેદવારો સ્નાતક/અનુસ્નાતકની ડીગ્રી ધરાવે છે, તેવા મેરીટ લીસ્ટમાં અગ્રતાક્રમ પ્રાપ્ત કરનાર ઉમેદવારો દ્વારા જાહેરાત મુજબની જગ્યાઓ ભરાઈ જશે **તો**, ચાલુ અભ્યાસ કરતા અને હવે પછી જાહેર થનાર સેમેસ્ટર ડીગ્રી પ્રાપ્ત કરનારને બોલાવવામાં આવશે નહિ.

જે વિધાર્થીઓનો અભ્યાસ સ્નાતક/અનુસ્નાતક કક્ષાએ ચાલુ છે, તેમનું મેરીટ લીસ્ટ અગાઉના સેમેસ્ટરના જાહેર થયેલ પરિણામોના આધારે તૈયાર થશે અને છેલ્લા સેમેસ્ટરનું અંતિમ પરિણામ જાહેર થયા બાદ જે પરિણામ આવે તે ઉમેર્યા પછી જે તે કેટેગરીના જગ્યાના જનરલ મેરીટ લીસ્ટ પ્રમાણે બનાવવામાં આવશે અને જરૂર પડે માત્ર જે તે કેટેગરીની ખાલી જગ્યાઓ માટે માત્ર મેરીટ લીસ્ટના ક્રમ અનુસાર બોલાવવામાં આવશે.

**૪.ઇન્ટરવ્યુ:**

ઉપર મુજબ તમામ પરિણામોને આધારે મેરીટ લીસ્ટ બન્યા પછી મેરીટ લીસ્ટમાંથી દરેક જગ્યાની સંખ્યાના **છ ગણા** ઉમેદવારોને જ રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવશે જેની દરેકે ખાસ નોંધ લેવી. તેથી માત્ર પસંદગી યાદીમાં નામ હોવાથી કે રૂબરૂ મુલાકાત માટે બોલાવવાથી તે જગ્યા માટે પસંદગી થયેલ છે તેમ કદી માનવુ નહિ. રૂબરૂ મુલાકાત(ઇન્ટરવ્યુ)ના ઓછામાં ઓછા એક રાઉન્ડ અને વધુમાં વધુ ૩ રાઉન્ડ રાખવામાં આવશે. આ રાઉન્ડમાં લેખિત પરીક્ષા,ગૃપ ડિસ્કશન અને મૌખિક ઇન્ટરવ્યુ રાખવામાં આવશે અને તેમાં (a)Analytical Skills,(b)Working with Group Skills,(c) Presentation Skills,(d) Psycho Analytical Skills, (e) Event management skill, (f) Extension Activities, (g) Writing Drafting Skills,(h) Logical Analysis ની ચકાસણી કરવામાં આવશે અને તેમાં ઉમેદવારોએ મેળવેલ ગુણને અગાઉના મેરીટ ગુણમાં ઉમેરતા જે પ્રારંભિક મેરીટ યાદી બને તે પ્રસિધ્ધ કરી જો કોઇ ઉમેદવારને વાંધો હોય તો તે ૩ દિવસમાં કેસીજીના સરનામે આધાર પુરાવા સાથે રજૂ કરવાનો રહેશે. વાંધાની ચકાસણી માન સીઇઓ, કેસીજી દ્વારા નિમાયેલ સમિતિ દ્વારા કરવામાં આવશે અને યોગ્ય નિર્ણય પુરાવાને આધારે લેવામાં આવશે. ઉક્ત બાબતે સમિતિનો નિર્ણય અંતિમ ગણાશે. ત્યારબાદ અંતિમ મેરીટ યાદી પ્રસિધ્ધ કરી ઉમેદવારોને રૂબરૂ દસ્તાવેજોની ચકાસણી માટે બોલાવવાના રહેશે અને દસ્તાવેજો યોગ્ય જણાયા બાદ ઉમેદવારોને નિમણૂક પત્ર ઇમેલથી મોકલવામાં આવશે. ઉમેદવારોએ ઇમેલથી નિમણૂકપત્ર મળ્યાના દિન-૭માં હાજર થવાનું રહેશે. ઉમેદવારોને ગુજરાત રાજ્યમાં કોઇપણ સ્થળે કેસીજી કે શિક્ષણ વિભાગને લગતી કામગીરી સોંપી શકાશે અને કામગીરી સબબ મોકલી શકાશે જેની દરેક ઉમેદવારે ખાસ નોંધ લેવી. રૂબરૂ મુલાકાતનું સ્થળ કે.સી.જી, અમદાવાદ ખાતે રાખવામાં આવશે. દરેક જગ્યાની સંખ્યાના છ ગણા ઉમેદવારોને ઓનલાઇન અરજીમાં દર્શાવેલ ઇમેલ અથવા મોબાઇલ નંબર પર તારીખ અને સમય જણાવવામાં આવશે, તેથી તેમણે દરરોજ ઇમેલ ચકાસતા રહેવુ તથા મોબાઇલ ફોન ચાલુ રાખવો. ઇન્ટરવ્યુમાં ઉમેદવારે સમયસર સ્વખર્ચે આવવાનું રહેશે. તેથી ઉમેદવાર દ્વારા ક્યારેય ટી.એ./ડી.એ. કે અન્ય કોઇ ભથ્થાની માંગણી કરી શકાશે નહિ. જે કોઈ ઉમેદવાર પસંદગી સમિતિ પર નિમણુંક માટે ભલામણ કે દબાણ લાવશે તેનું ઉમેદવારી પત્ર અચૂક રદ થશે.

## ૫. ઓનલાઈન અરજીપત્રક ભરવા તેમજ સમગ્ર ભરતી બાબતની અગત્યની સુચનાઓ

(A) લાયકાત ધરાવતા ઉમેદવારોએ નિયત સમય મર્યાદામાં વેબસાઈટ www.cheguj.com પર ફક્ત ઓનલાઈન અરજી કરવાની રહેશે.

(B)અરજીપત્રક ભરતાં પહેલાં વેબસાઈટ ઉપર મુકવામાં આવેલી જાહેરાત માટેની સુચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવાનો રહેશે. ઉમેદવારે ઓનલાઈન ભરેલ અરજી ફોર્મ આખરી ગણાશે. તેમાં પાછળથી કોઈપણ જાતના સુધારા-વધારા કરી શકાશે નહી કે ઉમેદવારની વિશેષ કોઈ રજૂઆત ગ્રાહ્ય રાખી શકાશે નહી.

(C) ટપાલ કે કુરીયર મારફત અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહી. જે ઉમેદવાર આ રીતે કચેરીને અરજી મોકલશે તે ઉમેદવારની અરજી આપોઆપ રદ થયેલ ગણાશે. આ કચેરીને અરજીપત્રકો સીધા મોકલવા નહીં.

(D) ઉમેદવારે સૌ પ્રથમ વેબસાઈટ www.cheguj.com પર રજીસ્ટર થવાનું રહેશે. ઉમેદવાર રજીસ્ટર થતાં ઓનલાઇન અરજીમાં તેણે આપેલ ઈ-મેલ આઈ.ડી પર વખતો-વખત જરૂરી સુચનાઓ આપવામાં આવશે. જેથી ઉમેદવારે પોતાના કબજા હેઠળનું ઈ-મેલ આઈ.ડી. આપવાનું રહેશે અને તે રોજેરોજ ચકાસતા રહેવાનું રહેશે. આ બાબતની સંપૂર્ણ જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે.

(E) ઉમેદવાર રજીસ્ટર થાય, ત્યાર બાદ વેબસાઈટ પર લોગ-ઈન થવાથી અરજી ફોર્મ ખુલશે. અરજી ફોર્મ કાળજીપૂર્વક ભરવાનું રહેશે. અરજી ફોર્મ ભરવાની છેલ્લી તા ૨૦-૦૬-૨૦૧૫ના સાંજના ૬(છ) કલાક સુધીમાં ઉમેદવાર પોતાના ફોર્મની વિગતો સુધારી શકાશે પરંતુ ફોર્મ ભરવાની છેલ્લી તારીખે દર્શાવેલ સમય બાદ કોઈપણ સંજોગોમાં ઉમેદવાર ફોર્મની વિગતો સુધારી/અપડેટ કરી શકશે નહી તથા અરજી રજીસ્ટર કરી શકશે નહિ. જો ઉમેદવાર ઓનલાઈન અરજી ફોર્મમાં પોતે ભુલ કરશે તો તેવી અરજી ઉપર કોઈ વિચારણા કરવામાં આવશે નહી અને તે ઉમેદવારની અરજી આપોઆપ રદ ગણાશે.જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે.

(F) ઉમેદવારે અરજીપત્રકમાં પોતાનો મોબાઈલ નંબર અને ઇમેલ આઇડી અવશ્ય આપવાના રહેશે. આ નંબર અને ઇમેલ આઇડી પસંદગી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી બદલવા નહિ. જેથી જરૂરિયાતના સંજોગોમાં સંપર્ક કરી શકાય.

(G) બિનઅનામત તેમજ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવાર માટે અરજી ફી રૂ|.૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પૂરા) અને વિકલાંગ, અનુસુચિત જાતિ તથા અનુસુચિત જનજાતિ વર્ગના ઉમેદવારો માટે અરજી ફી રૂ|.૨૫૦/- (અંકે રૂપિયા બસો પચાસ પુરા) ભરવાના રહેશે. કોઈપણ સંજોગોમાં ભરેલ ફી પરત મળી શકશે નહીં. ઉક્ત ભરેલ ફીમાં ઉમેદવાર મહત્તમ ત્રણ જગ્યા માટે જ ઉમેદવારી નોંધાવી શકશે. તેથી ઓનલાઈન ફોર્મ ભરતી વખતે ઉમેદવારે મહત્તમ ત્રણ જગ્યાને

પસંદગી ક્રમ આપવાના રહેશે.

(HH) પસંદગી ક્રમ આપ્યા બાદ ઉમેદવારે ફોર્મ ફી ભરવા માટે ચલણ ડાઉનલોડ કરી પ્રિન્ટ મેળવી લેવાની રહેશે તથા નજીકની દેના બેંકની કોઈપણ શાખામાં ઉક્ત ચલણથી અરજી ફી જમા કરાવવાની રહેશે. બેંક દ્વારા ઉમેદવારને ચલણની બે કોપી પરત કરવામાં આવશે. ઉમેદવારે પોતાના ચલણની કોપી જ્યાં સુધી ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી સાચવી રાખવાની રહેશે અને ઓફિસ કોપી જ્યારે કે.સી.જી. દ્વારા માંગવામાં આવે ત્યારે રજુ કરવાની રહેશે. જેમા બેંક દ્વારા ટ્રાન્ઝેકશન આઈ.ડી. અને તારીખ દર્શાવવામાં આવેલ હશે.

ઉમેદવાર NTFS મારફત ઓનલાઈન નીચેની વિગતના ખાતામાં ઉમેદવારી ફી જમા કરાવી શકશે.

* **બેંકનું નામ : દેના બેંક**
* **ખાતા નં: 030810027900**
* **IFSC Code: BKDN0130308**

***MICR Code: 380018053**

ચલણ મારફત ફી ભર્યા બાદ ૨૫ કલાક બાદ ઉમેદવારે વેબસાઈટ www.cheguj.com પર પોતાના યુઝર આઈ.ડી. પાસવર્ડથી લોગ-ઈન થવાનું રહેશે તથા ચલણથી ફી ભર્યા અંગેના ટ્રાન્ઝેકશન આઈ.ડી.જણાવવાના રહેશે જેથી સિસ્ટમ દ્વારા વેરીફાઈ કરી ઉમેદવારની અરજી સ્વીકારવામાં આવેલ છે તે પ્રકારની સુચના પ્રદર્શિત કરવામાં આવશે. ઉમેદવારનું ફોર્મ સ્વીકારવામાં આવેલ છે તે મુજબની સુચના પ્રદર્શિત ન થાય ત્યાં સુધી ફોર્મ સબમીટ થયેલ ગણાશે નહિ તથા આવા ઉમેદવારોની અરજી ધ્યાન પર લેવામાં આવશે નહિ.

કામકાજના દિવસો દરમ્યાન દરરોજ બપોરના ૧૨:૦૦ કલાકે સિસ્ટમમાં બેંક દ્વારા પુરા પાડવામાં આવેલ ટ્રાન્ઝેકશન આઈ.ડી.નો ડેટા અપડેટ કરવામાં આવશે. જેથી ફી ભર્યાના ૨૫ કલાક બાદ જ ટ્રાન્ઝેકશન આઈ.ડી. દાખલ કરવાથી સિસ્ટમ દ્વારા વેરીફાઈ કરી શકાશે.

(I) ઓનલાઈન અરજી કર્યા પછી કરેલ અરજીની પ્રિન્ટ વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરી અરજીની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે અને સાચવણી કરી જરૂરી પડેથી રજૂ કરવાની રહેશે.

(J) કરાર આધારિત ભરતી સંબંધે તમામ સુચનાઓ/વિગતો વખતોવખત વેબસાઈટ પરથી જોવા મળી શકાશે.

(K) શોર્ટલીસ્ટ થયેલ ઉમેદવારોની કામચલાઉ મેરીટ યાદી વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે. જેથી વેબસાઇટ જોતી રહેવી.

(L) શોર્ટલીસ્ટ થયેલ ઉમેદવારે વેબસાઇટમાં લોગ ઇન થઇને પોતાનો ઇન્ટરવ્યુ કોલ લેટરની પ્રિન્ટ કાઢી લેવાની રહેશે તથા કોલ લેટરમાં જણાવવામાં આવેલ સમય અને સ્થળે રૂબરૂમાં સ્વખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે. ફાળવેલ સમય અને તારીખે ઉમેદવાર ઉપસ્થિત ન રહી શકે તો તેઓનો નિમણુંક મેળવવા માટેનો હક રદબાતલ થયેલ ગણાશે.સમિતિનો નિર્ણય આખરી ગણાશે.

**પ્રમાણપત્રોનું વેરીફીકેશન**

(M) ઇન્ટરવ્યુમાં પસંદગી પામેલા ઉમેદવારોનું જ પ્રમાણપત્ર ચકાસણી કરવામાં આવશે અને જો કોઇ ઉમેદવાર બનાવટી દસ્તાવેજો રજુ કરીને કે દસ્તાવેજો સાથે ચેડાં કરેલ માલુમ પડશે તો તેમની સામે નિયમાનુસાર શિસ્ત વિષયક કાર્યવાહી કરવામાં આવશે  અને તેમની નિમણુંક રદ બાદલ ગણવામાં આવશે.આ બાબતે સમિતિનો નિર્ણય અંતિમ ગણાશે.

(N) જે ઉમેદવાર ઓનલાઇન અરજી કરતી વખતે ખોટી માહિતી આપશે તેમને ગેરલાયક ઠેરવવામાં આવશે. જો ઉમેદવાર આપેલ માહિતી ખોટી, અધુરી અથવા ભુલભરેલી ઠરશે તો ભવિષ્યમાં સરકારી ભરતી અને સેવાના કોઇપણ તબક્કે ગેરલાયક ઠેરવવામાં આવશે અને આ અંગે કોઇપણ પ્રકારની રજુઆત સ્વીકારવામાં આવશે નહિ. સમિતિના ચેરમેનનો નિર્ણય અંતિમ ગણાશે.

(O) ઉમેદવારને અરજી ભરવામાં કે અન્ય કોઇ તકલીફ પડે તો વેબસાઇટ પર દર્શાવેલ  હેલ્પ નંબર પર સંપર્ક કરી શકશે..

સી.ઈ.ઓ
નોલેજ કોન્સોર્ટીયમ ઓફ ગુજરાત
અમદાવાદ